જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૫/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૬૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૩૪	૩	૧૧૪૩૭	૧૭૫૫૩	૩	૧૭૫૫૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૨	૭૯	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૦૬૫૫	૩૮૮	૪૧૦૪૩	૪૧૭૦૯	૩૮૨	૪૨૦૯૧
કુલ		૫૬૮૭૪	૩૯૩	૫૭૨૬૭	૬૫૭૯૨	૩૮૫	૬૬૧૭૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૫	૭૩,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૫૦	૨૦,૫૦,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

હિરો સ્પલેન્ડર મો.સા. સાથે એક આરોપીને પકડી વટવા પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે " એક ઇસમ કે જેણે શરીરે લાલ કલરનુ શર્ટ અને કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે તે ઇસમ પોતાના કબ્જામાં એક કાળા કલરનુ સ્પલેન્ડર મો.સા.ની ચોરી કરી કે છળકપટથી મેળવી લઈ વટવા બીબી તળાવ તરફથી ચલાવી લાવી અત્રેથી નારોલ સર્કલ તરફ જવાનો છે " જે બાતમી હકીકત આધારે વોચમાં રહેતાં આરોપી સમીર ઉર્ફે મજર અબ્દુલસત્તાર જાતે રંગરેજ ઉ.વ.૨૮ ધંધો.મજુરીકામ રહે.અહેમદનગર હિનાપાર્કની બાજુમાં કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેરનો બાતમી હકિકતમાં જણાવેલ હિરો સ્પલેન્ડર મો.સા.નં.જીજે.૦૧.એમજી.૦૨૫૬ જેનો એ.નં.૦૮૦૮૨ તથા ચે.નં.૭૭૫૮૧ નો છે. જેની કિ.રૂ.૨૦૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતાં સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ કરતાં સદર મો.સા.ની ચોરી બાબતે વટવા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૧૦૫૯૦/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીને વટવા પોલીસ સ્ટેશન ખાતે ગુનાના કામે સોપવાની તજવીજ કરી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે



પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ભારતીય બનાવટના વિદેશીદારુની સિલબંધ બોટલ નંગ ૧૮૦ જેની કિ.રૂ.૫૩૫૨૦/- તથા ઓટોરિક્ષા અને મોબાઈલ ફોનની કિ.રૂ.૫૬૦૦૦/- મળી કુલ કિ.રૂ.૧૦૯૫૨૦/– ની મત્તાના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથાઅધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે”ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ મળેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રીએસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા સારુ સર્વેલન્સ સ્કોડના માણસોને સુચના આપેલ જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા અ.મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા અ.હે.કો. સરફરાજનવાજ ઈબ્રાહીમમીયા બ.નં.૪૦૦૫ તથા અ.હે.કો.હિંમતલાલ મથુરામભાઈ બ.નં.૪૧૧૪ તથા અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા અ.પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો. સરફરાજનવાજ ઈબ્રાહીમમીયા તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે “ એક ઓટોરિક્ષા નં. જીજે.૨૭.યુ.૭૨૫૨ ની અંદર બે ઈસમો કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટના વિદેશીદારૂનો જથ્થો ભરી કપડાથી ઢાકી રાખી ઈસનપુર ચાર રસ્તા તરફથી આવી અત્રે થઈ બાગે કૌશર તરફ જવાના છે “જેબાતમી આધારેપંચો રૂબરૂ વોચમાં રહેતા આરોપી ઓસમીર મુસ્તાકભાઈ જાતે સિલાવત ઉ.વ.૨૮ રહે-આમેના ટાઉનશીપ ગ્રીન પાર્ક પાસે બાગેકૌશર નારોલ અમદાવાદ શહેર તથા નજીરખાન ઉર્ફે કાંચો નસીમખાન જાતે પઠાણ ઉ.વ.૧૯ રહે-મ.નં.એ/૧૩ સુફીયાનપાર્ક ગ્રીનપાર્કની પાસે બાગે કોશર નારોલ અમદાવાદ શહેરનાઓ બંન્ને ભેગામળી ઈસનપુર વટવા રોડ પાર્શ્વેશ્વર મહાદેવ મંદીર પાસે જાહેરમાં પોતાની કબ્જાની ઓટોરિક્ષા નં. જીજે-૨૭-યુ-૭૨૫૨ માં ગેરકાયદેસરનો વગર પાસ પરમિટે ભારતીય બનાવટના વિદેશીદારુની સિલબંધ બોટલ નંગ ૧૮૦ જેની કિ.રૂ.૫૩૫૨૦/- તથા ઓટોરિક્ષા અને મોબાઈલફોનની કિ.રૂ.૫૬૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૧૦૯૫૨૦/– ની મત્તાના મુદ્દામાલસાથે મળી આવતા તેઓ તથા તપાસમાં નિકળે તેઓ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૫૬૭/૨૦૨૧ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.


GJ27
U7252



પાસા અટકાયતીની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર- ૨૩/૨૦૨૧


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ (૧) કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૨૯૮/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૧૪૯,૧૫૦,૩૨૪, ૪૫૨, ૪૨૭, ૨૯૪(ખ),૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) (૨)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૩૦૨/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૧૪૯,૧૫૦,૪૨૭, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ ના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૩૭/૨૦૨૧ તા.૩૦/૦૪/૨૦૨૧ ના હુકમ આધારે તા.૩૦/૦૪/૨૦૨૧ ના કલાકઃ૨૧/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

આરોપીનું નામ:-

ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમો અભેસિંહ બારડ ઉ.વ.૩૦ રહે.મ.નં.ઇ/૩૩૭,વિભાગ-૨ પાશ્વનાથ ટાઉનશીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૨૯ લીટર દેશી દારૂ, ૨૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૧૨૦ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૭૭૧/૨૦૨૧**

બાપુનગર : રાજુભાઇ પ્રયાગદાસ ગૌતમ (ઉ.વ.૫૦)(રહે.હરીઓમ સોસાયટી, કાકા ભાજીપાઉની બાજુમા, રાજેન્દ્રપાર્ક, રામોલ) એ તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૧/૨૦૨૧ સાંજના ૫/૦૦ થી તા.૨૭/૦૧/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન બાપુનગર સમજુબા હોસ્પિટલ દુકાન નં. ૦૪ “શ્રી બાલાજી આયુર્વેદીક” દુકાન ખાતે આરોપી (૧) રાજુભાઇ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી તે) (૨) રાજુભાઇના કાકા તથા (૩) શ્રીબાલાજી આયુર્વેદીક વાળા વિકાશભાઇ (જેના પુરા નામ સરનામાની ખબર નથી તે) તથા તેમની સાથેનો એક અજાણો પુરૂષ તથા એક અજાણી સ્ત્રી એ ભેગામળી, રાજુભાઇ ગૌતમ ના દિકરાને થેલેસિમીયાની બિમારી હોઇ તેમના દિકરા સારૂ અલગ-અલગ આયુર્વેદિક દવાઓ કુલ કિંમત રૂપિયા ૩,૩૦,૦૦૦/- મતાની લેવડાવી, “તમે તમારા દિકરાને ત્રણ મહીના સુધી દવા શરીરે લગાવાજો, તમારા દિકરાને સારૂ થઇ જશે” તેમ જણાવી દુકાન બંધ કરી નાસી જઇ રાજુભાઇ ગૌતમ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

સાયબર ક્રાઇમ : સંદીપકુમાર જગદીશભાઇ સોની (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ, મ્યુની.સ્કુલની સામે, મેઘાણીનગર) એ તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સંદીપકુમારના ICICI બેંકની એપ્લીકેશનમાંથી પૈસા ટ્રાન્સફર કરવા માટે ઇન્ટરનેટ માધ્યમથી આર.બી.એલ બેંકના ખાતા ધારક અનુજકુમાર એ એપ્લીકેશનમાં ખાતુ એડ કરી, સંદીપકુમારના ICICI બેંક, આશ્રમરોડ શાખાના ખાતામાંથી કુલ રૂપિયા ૪૨,૯૦૫/- નુ ટ્રાન્જેકશન કરી લઇ સંદીપકુમાર સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૭૭૨/૨૦૨૧**

અમરાઇવાડી : પુજાબહેન ડો/ઓ રામપલટ પ્રજાપતી (ઉ.વ.૧૯)(રહે.મ્યુ. સ્લમ ક્વાટર્સ ટોરેન્ટ પાવરની પાસે, અમરાઈવાડી) તા.૦૩/૦૪/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ ઉપર શાક બનાવતા હતા ત્યારે પ્રાઇમસ માં ભડકો થતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૪/૨૦૨૧ ના ક્લાક ૧૧/૪૫ વાગ્યે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૭૩/૨૦૨૧**

નિકોલ : વસંતજી દશરથજી ઠાકોર (ઉ.વ.૨૮)(રહે. પારંતી આવાસ યોજના, એસ.પી. રિંગરોડ પાસે, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૪/૨૦૨૧ ના કલાક ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચેતનકુમાર કાળાભાઇ ચલાવે છે.

દાણીલીમડા : નીસારએહમદ મંજુરએહમદ શેખ (ઉ.વ.૫૫)(રહે.સૈયદ પ્લાઝાની સામે, શક્તિ સોસાયટી ગેટ નં.૨, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સોહાબખાન અજીજખાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી